# દેશ વીર જવાનોની શહીદીને નમન કરે છે...

દેશ આખો ગમ અને ગુસ્સામાં છે. એક તરફ આંખોમાં આસું છે તો બીજી તરફ હૃદયમાં ગુસ્સો છે. એક સાથે ૪૪ વીર જવાનોની શહીદીના સમાચાર સમગ્ર દેશમાં શોકનો માહોલ છવાયો છે. દેશવાસીઓની આંખોમાં અશ્રુ વહી રહ્યા છે. ગુસ્સો સમાતો નથી, બલિદાનના બદલા માટે દેશ આખો રસ્તા પર ઉતર્યો છે. ઠેર ઠેર માંગણીઓ થઈ રહી છે કે ઈંટનો જવાબ પથ્થર હોવો જોઈએ. આતંકવાદીઓના પૂતળાઓનું દહન થાય છે. પાકિસ્તાનના પ્રધાનમંત્રીના પોસ્ટરો પર જુતાંઓનો મારો થાય છે પરંતુ નવલોહીયા યુવાનોની શહીદી માટે દેશ ગમગીન છે. નત મસ્તકે વીર જવાનોને સલામી આપે છે, શ્રદ્ધાંજલિ આપે છે અને તેમની શહીદીને એળે નહીં જવા દેવાના સોગંદ લે છે.



કાશ્મીના પુલવામા જિલ્લાના અવંતીપુરા વિસ્તારમાં સીઆરપીએફના જવાનો પર જૈશે મોહમ્મદના આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા આત્મઘાતી આતંકી હુમલામાં શહીદ થયેલા વીર જવાનોના સમાચારથી સમગ્ર રાષ્ટ્ર હચમચી ઉઠ્યું છે. આ ઘાતકી હુમલાને દેશવાસીઓ દ્વારા એકી અવાજે વખોડી કાઢવા સાથે સમગ્ર રાષ્ટ્ર શહીદ વીર જવાનોના પરિવારજનોને પડખે ઉભુ છે. અત્યંત અરેરાટી ઉપજે તેવા દશ્યો જોઈને દેશના નાગરિકોની આંખમાંથી અશ્રુ વહી રહ્યાં છે અને જ્યારે એક સાથે દેશના સપૂતોને તિરંગામાં લપેટાયેલા નિહાળ્યાં ત્યારે તમામ દેશવાસીઓનો આક્રોશ ભભુકી ઉઠ્યો હતો.


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૩૫ | ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૯, શનિવાર; મહા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# દેશ માગે છે બલિદાનનો બદલો

## દેશભરમાં લોકોએ બદલો લેવાની માંગણી સાથે પાકિસ્તાન-આતંકીના પૂતળાઓનું દહન કર્યું

નવીદિલ્હી, તા. ૧૫

જમ્મુ કાશ્મીરમાં પુલવામાં સીઆરપીએફના કાફલાને ટાર્ગેટ બનાવીને ત્રાસવાદીઓ દ્વારા ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ આજે સતત બીજા દિવસે દેશમાં આક્રોશ અને ગમનો માહોલ રહ્યો હતો. દેશના મોટાભાગના શહેરોમાં લોકો પાકિસ્તાનના ત્રાસવાદી કેમ્પો ઉપર હુમલા કરવા અને આતંકવાદીઓનો સફાયો કરવાની ઉગ્ર માંગ કરતા જાહેર રસ્તા ઉપર આવી ગયા હતા. હિંસક દેખાવો કરવામાં આવ્યા હતા. પાકિસ્તાન અને પાકિસ્તાની ધ્વજ સળગાવવામાં આવ્યા હતા. પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાનના પુતળા સળગાવવામાં આવ્યા હતા. ઘણી જગ્યાઓએ તો પોલીસને નારાજ લોકોને દૂર કરવા માટે મુશ્કેલી અનુભવી હતી. તમામ વિસ્તારોમાં લોકો પાકિસ્તાન સામે કાર્યવાહી કરવા પોતે જ માંગ કરતા નજરે પડ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્પષ્ટ અને તીખી પ્રતિક્રિયા આપવામાં આવ્યા બાદ સર્જિકલ હુમલા કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. દેશના લોકો આના માટે માંગ પણ કરી રહ્યા છે. જમ્મુ કાશ્મીરના પુલવામા જિલ્લામાં સીઆરપીએફના કાફલા ઉપર ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ બેઠકોનો દોર આજે પણ જારી રહ્યો હતો. અત્રે નોંધનીય છે કે જમ્મુ કાશ્મીરમાં પુલવામા જિલ્લામાં આતંકવાદીઓએ ગઈકાલે એક મોટા હુમલાને અંજામ આપ્યો હતો. આ હુમલામાં સીઆરપીએફના ૪૪ જવાનો શહીદ થઈ ગયા હતા. તાજેતરના વર્ષોમાં સૌથી મોટા હુમલા તરીકે આને ગણવામાં આવે છે. ત્રાસવાદીઓ દ્વારા ગુપ્તરીતે બીછાવવામાં આવેલી જાળ હેઠળ આ ભીષણ હુમલાને અંજામ આપવામાં આવ્યો હતો જેમાં સીઆરપીએફના જવાનો ફસાયા હતા. ઉરીમાં સપ્ટેમ્બર ૨૦૧૬માં આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળો પર આને સૌથી મોટા હુમલા તરીકે ગણવામાં આવે છે. શ્રીનગર-જમ્મુ હાઈવે ઉપર સ્થિત અવન્તીપોરા વિસ્તારમાં આ હુમલો થયો હતો. આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે હુમલાની જવાબદારી સ્વીકારી લીધી હતી. વિસ્ફોટક સાથે ભરેલી એક ગાડીને લઈને જૈશના ત્રાસવાદી આદિલે સીઆરપીએફ જવાનોના કાફલાની બસમાં અથડાવી હતી. હુમલા બાદ જવાનોએ પણ કાર્યવાહીના પ્રયાસ કર્યા હતા પરંતુ અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. કાફલાની જે બસને ત્રાસવાદીઓએ ટાર્ગેટ બનાવી હતી તેમાં ૪૪ જવાનો હતા. જે કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યો તો જમ્મુથી શ્રીનગર જઈ રહ્યો હતો તેમાં ૨૦૦૦ જવાનો હતા. જે કાફલા ઉપર હુમલો કરાયો તેમાં ૭૦ વાહનો હતા. આમાથી એક ગાડીને ટાર્ગેટ બનાવવામાં આવી હતી.





## રાજનાથે શહીદ જવાનના મૃતદેહને કાંધ આપી

### એક સાથે ૪૨ જવાનોના મૃતદેહ તિરંગા ધ્વજમાં લપેટીને એક સાથે જ મુકાયા ત્યારે ભાવનાશીલ દશ્ય સર્જાઈ ગયા

શ્રીનગર, તા. ૧૫

પુલવામામાં આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ શહીદ થયેલા સીઆરપીએફ જવાનોને ગૃહમંત્રી રાજનાથસિંહે સંપૂર્ણ રાજકીયરીતે શ્રદ્ધાંજલિ આપી હતી. બડગામમાં આ શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ગુરુવારના દિવસે અવન્તીપોરામાં સીઆરપીએફના કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. ગૃહમંત્રીએ એક દાખલો બેસાડીને દેશપ્રેમની ભાવના દર્શાવી હતી.



સાથે સાથે શહીદ જવાનના મૃતદેહને ખભો આપી શ્રદ્ધાંજલિ આપી હતી. તમામ શહીદોના મૃતદેહોને દિલ્હી લાવવાની વ્યવસ્થા કરવામાં આવી ચુકી છે જ્યાંથી તેમના વતન ગામમાં લઈ જવામાં આવશે. વડાપ્રધાન મોદી શ્રદ્ધાંજલિ આપવા વિમાની મથકે પહોંચી રહ્યા છે. ગુરુવારના દિવસે રાજનાથસિંહે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, કોઈને પણ છોડવામાં આવશે નહીં. બીજી બાજુ આજે જમ્મુ કાશ્મીર પહોંચ્યા બાદ રાજનાથસિંહે વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓ સાથે વાતચીતનો દોર શરૂ કર્યો હતો. આજે રાજનાથસિંહે જમ્મુ કાશ્મીરમાં પહોંચ્યા ત્યારે તેમની સાથે અન્ય સુરક્ષા અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજનાથસિંહે શહીદ જવાનોના પાર્થિવ શરીરને ખભો આપ્યો હતો તે ગાળામાં તેમની સાથે સેનાના નોર્થન કમાન્ડના ચીફ લેફ્ટી જનરલ રણવીરસિંહ પણ હતા. શ્રીનગરમાં તેમની સાથે રાજ્યપાલ સત્યપાલ મલિકા પણ ઉપસ્થિત રહ્યા હતા. એક સાથે ૪૨ જવાનોના પાર્થિવ શરીર તિરંગા ધ્વજમાં લપેટીને મુકવામાં આવ્યા હતા. તે ગાળામાં જ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે એકબાજુ તાકિદે ઈમરજન્સીની બેઠક બોલાવી વાતચીત જારી રાખી છે. સાથે સાથે જમ્મુ કાશ્મીરના તમામ સુરક્ષા અધિકારીઓ સાથે વાતચીત કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને ગૃહ સચિવોએ બેઠક યોજી છે. બેઠકોના દોર વચ્ચે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલે પણ બેઠકોનો દોર હાથ ધર્યો છે.


# આતંકવાદીઓને જડબાતોડ જવાબ અપાશે : નરેન્દ્ર મોદી

## આતંકવાદીઓ અને તેમના આકાઓને ભુલાઈ નહીં તેવો યોગ્ય જવાબ અપાશે અને હિસાબ પુરો કરાશે : દેશભરમાં આક્રોશ વચ્ચે મોદીની લોકોને ખાતરી

નવી દિલ્હી,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પુલવામામાં ત્રાસવાદી હુમલામાં શહીદ થયેલા સીઆરપીએફ જવાનોને શ્રદ્ધાંજલિ આપતા પડોશી દેશ પાકિસ્તાનને આજે સ્પષ્ટ ચેતવણી આપી હતી. મોદીએ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે ત્રાસવાદીઓ અને પાકિસ્તાને ખુબ મોટી ભુલ કરી દીધી છે. આ હુમલા માટે પાકિસ્તાનને ખુબ મોટી કિંમત ચુકવવી પડશે. વન્દે ભારત એક્સપ્રેસ ટ્રેનના લોન્ચિંગ કાર્યક્રમ વેળા મોદીએ કહ્યુ હતુ કે પડોશી દેશે મોટી ભુલ કરી દીધી છે. આના માટે પાકિસ્તાનને ખુ મોટી કિંમત ચુકવવી પડશે. તેમણે કહ્યુ હતુ કે પુલવામાં હુમલા બાદ હાલમાં અમારી સ્થિતી દુખદ અને આક્રોશવાળી છે. મોદીએ કહ્યુ હતુ કે તેઓ વિશ્વાસ અપાવવા માંગે છે કે જે શબ્દો અને સપનાને લઈને અમારા જવાનોએ જીવન ત્યાગી દીધા છે તે સપનાને પૂર્ણ કરવા માટે અમે અમારા જીવનને ખપાવી દેવા માટે તૈયાર છીએ. તેમણે કહ્યુ હતુ કે પાકિસ્તાન તબાહીના માર્ગ પર છે. અમે અમારા સુરક્ષા દળોને પૂર્ણ સ્વતંત્રતા આપેલી છે. અમને અમારા જવાનોના શૌર્ય અને તેમના સાહસ પર વિશ્વાસ છે. પડોશી દેશ માને છે કે તે જે રીતે કાવતરા રચે છે તેમાં તે સફળ તઈ જશે. પાકિસ્તાનના તમામ ઈરાદાને નિષ્ફળ બનાવી દેવામાં આવનાર છે. મોદીએ ચેતવણી આપતા કહ્યુ હતુ કે ત્રાસવાદી સંગઠનો અને તેમના આકાઓને કહેવા માગે છે કે તેઓ ખુબ મોટી ભુલ કરી બેઠા છે. તેની કિંમત તેમને ચુકવવી પડશે. દેશને વિશ્વાસ આપવા માંગે છે કે જે પણ દોષિત છે અને હુમલા પાછળ તાકાત છે તેમને ચોક્કસપણે સજા થશે. ત્રાસવાદની સામે લડાઈ વધારે તીવ્ર કરાશે. મોદીએ કહ્યુ હતુ કે પાકિસ્તાન ખરા તબક્કામાંથી પસાર થઈ રહ્યુ છે.

ત્રાસવાદની સામે માનવતાવાદી શક્તિઓને એકત્રિત થવાની જરૂર છે. વિશ્વમાં ત્રાસવાદ સામે ભારતમાં એક સુર નજરે પડે તે જરૂરી છે.



## MFNનો દરજ્જો ખેંચાતા પાકિસ્તાનને આર્થિક ફટકો

નવીદિલ્હી, તા. ૧૫

કાશ્મીરમાં પુલવામામાં આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ ભારતે આજે પાકિસ્તાનને આપવામાં આવેલો મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો પાછો ખેંચી લીધો હતો. આ દરજ્જો પાછો ખેંચી લેવામાં આવ્યા બાદ પાકિસ્તાનને આર્થિકરીતે મરણતોળ ફટકો પડી શકે છે. જનરલ એગ્રિમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રેડની કલમ એક હેઠળ કોઈપણ દેશ કારોબારના સંદર્ભમાં અન્ય સામે કોઈ પક્ષકાર કરશે નહીં તેવી જોગવાઈ આમા રાખવામાં આવી છે પરંતુ આ દરજ્જો પાકિસ્તાન પાસેથી પાછો લઈ લેવામાં આવ્યા બાદ પાકિસ્તાનના અર્થતંત્રને મોટો ફટકો પડશે.

પુલવામા હુમલાની જવાબદારી સ્વીકારનાર જૈશે મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનો માટે સુરક્ષિત સ્થળ બની ગયેલા પાકિસ્તાનને બોધપાઠ ભણાવવાના હેતુસર આ પગલુ લેવામાં આવ્યું છે. પાકિસ્તાન સાથે ભારતના દ્વિપક્ષીય વેપાર વૈશ્વિક વેપારના ૦.૩ ટકાની આસપાસ છે. વૈશ્વિક કારોબાર ૭૬૯ અબજ ડોલરનો છે. પાકિસ્તાન સાથે વેપાર વારંવાર ખોરવાતો રહ્યો છે. બાકીના વિશ્વની સાથે વેપાર કારોબારની વચ્ચે પાકિસ્તાન સાથે કારોબાર ક્યારે પણ સારો રહ્યો નથી. ૧૯૯૬માં પાકિસ્તાનને આ દરજ્જો અપાયો હતો ત્યારબાદ ભારતમાં પાકિસ્તાનની નિકાસ હંમેશા ઓછી રહી છે.


જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (નીફ્ટ), ગાંધીનગર.
(વસ્ત્ર મંત્રાલય, ભારત સરકાર)
નિફ્ટ કેમ્પસ, ઈન્ફોસીટીની પાછળ, ઘ-૦ રોડ પાસે, ગાંધીનગર-૩૮૨૦૦૭.
હસ્તકલા ચીજ વસ્તુનાં પ્રદર્શન-સહ-વેચાણ મુલાકાત માટે જાહેર નિમંત્રણ
ગુજરાતની વિવિધ કલાઓને પ્રોત્સાહન પુરું પાડવા માટે
"ક્રાફ્ટ બાઝાર ૨૦૧૯"
પ્રદર્શનનું આયોજન કરેલ છે. આ પ્રદર્શન - સહ - વેચાણ નીફ્ટ ગાંધીનગરનાં પ્રાંગણમાં **તારીખ ૧૬ અને ૧૭ ફેબ્રુઆરી**નાં રોજ સમય ૧૧:૦૦ થી ૬:૦૦ સુધી યોજાશે જેમાં ગુજરાતનાં કારીગરો વિવિધ હસ્ત કલા ઉત્પાદનોનું પ્રદર્શન અને વેચાણ કરશે જેની મુલાકાત લેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.
નિયામક

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹24*/500 mL
અમૂલ શક્તિ

*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055 / 56/ 57